# એક લસરકે દોરાતી રેખાઓ | મુનિકુમાર પંડ્યા

[**સાક્ષર બોતેરી :** હરિકૃષ્ણ પાઠક, કૃતિ પ્રકાશન, પ્ર. આ. ૨૦૧૧, પૃ.સં. ૧૦+૭૪, કિં. રૂ. ૬૫/-]

કવિ હરિકૃષ્ણ પાઠક ચિત્રકાર પણ છે. પણ ચિત્રકલા પર તેમણે ઝાઝું ધ્યાન નથી આપ્યું. કાવ્યપ્રવૃત્તિને તેમણે વધારે સમય આપ્યો છે. આ ચિત્રકલાના સંસ્કારોના કારણે અહીં જે જે સર્જકોની ટૂંકી શબ્દરેખાઓ હરિકૃષ્ણે આલેખી છે એમાં આછા લસરકાથી તે તે સર્જકોનો અલ્પ પરિચય પ્રાપ્ત થાય છે.

માર્મિકતા હરિકૃષ્ણના વ્યક્તિત્વનું એક સબળ પાસું છે. વાતચીતમાં પણ એ અવારનવાર પ્રગટે છે, તેમની કવિતાનેય આ પાસ લાગ્યો છે. આ અગાઉના તેમના ‘અડવાપચ્ચીસી’ અને ‘રાઈનાં ફૂલ’માં આ પ્રકારનાં કાવ્યો છે.

ગુજરાતી સાહિત્યના હયાત સર્જકો માંહેના બોતેર સાક્ષરો વિશે અહીં હળવાશથી કહેવાયું છે, માત્ર બે જ પંક્તિ – એક જ કડી – માં સંબંધિત સર્જકનું આછું ચિત્ર કવિ રચી આપે છે. ક્યારેક હરિકૃષ્ણ સર્જકના માત્ર વ્યક્તિત્વની જ વાત કરે છે, ક્યારેક તેના સર્જકગુણ વિશે જ કહે છે તો ક્યારેક એ બંનેનો સમાસ કરવામાં આવ્યો છે.

કેટલીક નોંધપાત્ર કંડિકાઓ જોઈએ :

‘અર્પણ’માં પ્રબોધ ર. જોશી વિશે કવિ કહે છે :

**અદ્દલ-અક્ષર-સ્વર-ઉચ્ચારે ગાદી પૈતૃક ગૃહી**
**સીધ્યો કંઈ ઉદ્દેશ સવાયો નવ્ય પ્રબોધનલહી.**

પિતા રમણલાલ જોશીના અવસાન પછી ‘ઉદ્દેશ’ સામયિકનું તંત્રીપદ પ્રબોધભાઈએ સંભાળ્યું અને સવાયું બનાવ્યું. આ હકીકત છે.

અને ધીરુબહેન પટેલ ?

**ધીમા સાદે ધીરું ધીરું વદતાં મીઠાં વેણ,**
**નહીં કશોયે ઠાઠઠઠારો સૌનાં મોટાં**
**બહેન.**

ધીરુબહેન પટેલના સ્વભાવની સીધીસાદી રજૂઆત છે.

સુરેશ દલાલ –

**કોણ કોણસે કરે દલાલી ? કપરો કારોબાર,**
**કાવ્ય કલાનો કરતાં વદથી સુ.દ. થતાં શી**
**વાર ?**

અહીં સુરેશ દલાલની કાવ્યપ્રવૃત્તિ (કાવ્ય સાથે સંપાદન આદિ જોડાયેલી) વિશે હરિકૃષ્ણે નોંધ લીધી છે.

ઉપરનાં ત્રણેય ઉદાહરણોમાં ‘શ્લેષ’ છે એ માત્ર ‘શ્લેષ ખાતર શ્લેષ નથી. અર્થપોષક પણ બને છે.

લાભશંકર ઠાકર –

**બાકી દાવ રમી જાણે પણ રમત કરે તે લા.**
**ઠા.**
**ફેલ-ફિતૂરની કરે ઠેકડી, ભર્યા ભર્યા બે કાંઠા.**

લાભશંકરના મિજાજની સાથે તેમના કાવ્ય તરફના અભિગમનેય હરિકૃષ્ણ મૂકી આપે છે.

ગુણવંત શાહની વાત કરતાં દંશયુક્ત કટાક્ષ કવિ કરે છે :

**ગુણકારી ઔષધ લૈ આવો ભલે તમે**
**ગુણવંત**
**સેક્યુલરને નહીં સદે, ઝાલ્યા જે અવળા**
**તંત.**

કટાક્ષ સેક્યુલારિસ્ટો પર છે, ગુણવંત શાહ પર નહીં.

રજનીકુમાર પંડ્યાની લેખમાળા ‘ફિલ્માકાશ’ ‘કુમાર’માં પ્રગટ થઈ ચૂકી છે. એમાં કેટલીય ઓછી જાણીતી વાતો તેમણે આપી છે અને ઉપરાંત અનેક વ્યક્તિઓના જીવનની અજાણીતી વિગતો તેમણે ‘ઝબકાર’માં લખી છે. ‘ફિલ્માકાશ’ અને ‘ઝબકાર’ની લોકચાહના છે. કવિ રજનીકુમાર પંડ્યા વિશે કહે છે :

**ફિલ્માકાશે ઝબકારે અવનવું ઘણું ચમકાવે**
**અંધારે જે પડ્યું હોય તે અજવાળે લઈ**
**આવે.**

શ્લેષ, સચોટ રજૂઆત, ફિલ્મ અને સાહિત્ય બેઉનો એક જ કડીમાં અપાયેલો પરિચય – આ બધાંથી આ કંડિકા નોંધપાત્ર બની છે. કાંઈ એવી જ મધુરાય વિશેની કંડિકા છે :

**રણઝણતી રૂમઝૂમતી ભાષા રાય મધુને વરી,**
**રંગ રસનો રસિયો ઠાકર કમાલ કંઈ કંઈ**
**કરી.**

મધુરાયની ભાષાશૈલીમાં અનુભવાતા નિજી રણકાનો સ્પર્શ ‘રણઝણતી, રૂમઝૂમતી’ શબ્દોમાં પામી શકાય છે, મધુરાયની ભાષાની જેમ.

અંતમાં ફૂટી નીકળેલા (અ)કવિઓ પરના કટાક્ષમાંથી બે કંડિકાઓ જુઓ :

**૧. ફૂલગુલાબી ‘શેર’ ગઝલના ઊંચા ભાવ**
**સંચાલન જો હાથ પડે તો લઈ લે પૂરો દાવ.**
**૨. સાધો સાંઈ હરિ અવધૂતા સંતો હાથે ચડ્યા**
**દેખ કબીરા કેવા કેવા જો કૂડાળે પડ્યા.**

જોડણીમાં એક જ ‘ઉ’ અને એક જ ‘ઈ’ની હિમાયત કરતા ઊંઝાના રામજીભાઈ પટેલ વિશે લખ્યું છે :

**એક હ્રસ્વ ‘ઉ’, એક દીર્ઘ ‘ઈ’ રહે રાયજી**
**રાજી**
**ઊંઝા ગંજ બજારે થાશે ભાષાનીય હરાજી.**

અહીં અને આગળ સેક્યુલારિસ્ટો વિશે જે કહ્યું છે એમાં કટાક્ષ સાથે દંશ છે. પોતાનાથી જુદા વિચાર ધરાવનારા તરફ કવિ તટસ્થ રહી શક્યા નથી.

રૂપે-રંગે રૂપકડી લાગતી આ નાનકડી પુસ્તિકામાં વાચક એક વાર પ્રવેશે એટલે પછી સડસડાટ અંત સુધી પહોંચ્યા વિના નહીં રહે એવી ભાષાની સાદગી છે.